|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ અનાથનાથાય નમ: || (૩૯)

અનાથોના નાથ એટલે પાલનહાર એવા

શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

એવું કહેવાય છે – ' જગમાં જેનું કોઈ નથી, તેનો ઈશ્વર છે. વિશ્વના સમસ્ત જીવમાત્રનો પાલનકર્તા ઈશ્વર જ હોય છે. તેથી અનાથ અહીંયાં કોઈ જ નથી. પરંતુ, જ્યારે વિશ્વના અન્ય માણસો આવા જીવોને દૂર કરે છે, ત્યારે તે જીવોમાં અનાથ હોવાની ભાવના નિર્માણ થાય છે. ભગવાન બાબાના નામમાં જ દેવી માતા અને પિતા એટલે ' સાઈ બાબા ' છે. તે વિશ્વના પાલનકર્તા અનાથોના નાથ છે.

સાઈના શિરડી અવતારની આ એક હકીકત.

શિરડી સાઈનાથના આશ્રમમાં રાજાથી રંક સુધી, રોગીથી સુદઢ (સ્વસ્થ) વ્યક્તિ સુધી અનેક ભક્તો આવતા. આમાંનો જ એક હતો ભાગોજી શિદે. પૂર્વજન્મના કર્મોના ભોગે તેને આ જન્મમાં કુષ્ઠરોગ થયો અને તે ઘરની વ્યક્તિઓથી દૂર થયો. એવો આ ભાગોજી, આશ્રય માટે સાઈનાથ પાસે આવ્યો અને અનાથનાથ એવા સાઈનાથે તેને આશ્રય આપ્યો, એટલું જ નહીં, પણ પ્રત્યક્ષ સાઈનાથ, ભાગોજીના જખમ ધોઈને સ્વચ્છ કરતા. તે જખમો પર તેલ હળદર લગાવીને પટ્ટી બાંધતા અને જ્યારે તે પોતે ભોજન લેતા તેમાંથી ભાગોજીને પણ આપતા. દરરોજ સવારે બાબા ભાગોજી પાસેથી પોતાનું અંગમર્દન અને પાદ સેવન કરી લેતા. તેનું મુખ્ય કારણ હતું ભાગોજીને આનંદ આપવો. આ કાર્યક્રમ (નિત્યકમ) ઘણા વર્ષો સુધી ચાલુ હતો. જે ભાગોજીને જગતે (જગનાં લોકોએ) અનાથ કર્યો, તેને સાક્ષાત્ ઈશ્વર સમીપ કર્યો.

સાઈનો બીજો અવતાર, સત્ય સાઈ પણ અનાથનાથ છે. બાળપણથી જ દીન દુખિયાઓને પાસે બોલાવીને અન્ન, વસ્ત્ર દેવાનો, તેમની સેવા કરવાનો ઉપકમ તેમણે ચાલુ કર્યો. તેનું રૂપાંતર આગળ જતા ' નારાયણ સેવા ' માં થયું. જેમાં સમસ્ત વિશ્વના અનેક સ્વામીભક્તો સામેલ થયા, એટલું જ નહીં, પણ સત્યસાઈ સેવાદળની સ્થાપના થયા પછી પ્રત્યેક સેવાદળ કાર્યકર્તા અન્ય ભક્તોની સેવા કરવામાં પોતાને ધન્ય સમજવા લાગ્યો. જયારે જ્યારે નિસર્ગનો કોપ થયો, ત્યારે ત્યારે

વિશ્વભરના કાર્યકર્તાઓ અને સ્વામીભક્તો આ કોપમાં અનાથ થયેલાઓને પરમેશ્વરના હજારો હાથ બનીને મદદનો હાથ આપવા લાગ્યા.

પરદેશમાં ઘટેલી આ એક ઘટના. એક સ્વામી ભક્ત મહિલા કેટલીક અનાથ, અસહાય વ્યક્તિઓને અન્નદાન અને અન્ય મદદ કરીને તેમની સેવા કરતી. એકવાર ત્યાં આવેલા પૂર અને વાવાઝોડાને લીધે આઠ દિવસ સુધી તે મહિલાને તે જગ્યાએ જવા ન મળ્યું. આ આઠ દિવસમાં તે સતત સ્વામીનું ધ્યાન કરતી હતી. તેના મનમાં સતત એક જ વિચાર હતો, તે એ કે જે લોકોને આપણે મદદ કરતા હતા તેમને હવે કોણે મદદ કરી હશે? આઠ દિવસ પછી તે પૂરગ્રસ્ત ભાગમાં મદદ પહોંચે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ.

ત્યાં જતી વખતે તેણે અન્ન, દવા અને સ્વામીના ફોટા બધાને આપવા માટે લીધા. ત્યાં પહોંચતા જ તેના ધ્યાનમાં આવ્યું કે તે પીડિત લોકો સુખરૂપ હતાં. તેણે પોતાની પાસેના અન્નના પેકેટ અને ફોટા આપવાની શરૂઆત કરી. ફોટો જોતા જ તે બધા લોકો અંદર અંદર ચર્ચા કરવા લાગ્યા. તેણે કારણ પૂછતા, તેને જવાબ મળ્યો કે, તેની અનુપસ્થિતિમાં આ જ વ્યક્તિ તે અનાથોને દરરોજ અન્ન અને દવા આપતી હતી. તે પીડિત લોકોને એવી સમજ પડી હતી કે, આ વ્યક્તિ તે મહિલાની સહાયક છે. આ સાંભળતા જ તે મહિલા ગદ્ગદિત થઈ ગઈ. તેણે બધી સત્ય પરિસ્થિતિ તેમને સમજાવી અને તેમણે બધાની સાથે " અનાથ નાથ' સ્વામીની કરૂણા માંગી.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||